# મતદાર બિલ ઓફ રાઇટ્સ

## ★ તમારી પાસે નીચે આપેલા અધિકારો છે ★

1. **મત આપવાનો અધિકાર જો તમે નોંધાયેલા મતદાતા છો.** તમે મત આપવા પાત્ર છો જો તમેઃ

   - ★ કેલિફોર્નિયામાં રહેતા અમેરિકી નાગરિક
   - ★ ઓછામાં ઓછી આયુ 18 વર્ષ
   - ★ તમે હાલમાં રહો છો ત્યાં નોંધાયેલ છો
   - ★ ગુના-સાબિતી માટે હાલમાં રાજ્ય કે સંઘીય જેલમાં છે, અને
   - ★ કોર્ટ ના પ્રમાણે મત આપવા માટે હાલમાં માનસિક રીતે અસમર્થ નથી

2. **જો તમારું નામ સૂચિમાં ન હોય તો પણ મત આપવાનો અધિકાર જો તમે નોંધાયેલ મતદાર છો.** તમે કામચલાઉ મતપત્રકનો ઉપયોગ કરીને મત આપશો. ચૂંટણી અધિકારી દ્વારા તમારી મત આપવાની પાત્રતા નક્કી કર્યા પછી તમારા મતની ગણતરી કરવામાં આવશે.

3. **જો મતદાન બંધ થાય ત્યારે તમે હજી પણ લાઇનમાં હોવ તો મત આપવાનો અધિકાર.**

4. **તમને હેરાન કર્યા વગર અથવા મત કેવી રીતે આપવો તે જણાવ્યા વિના** ગુપ્ત મતદાન કરવાનો અધિકાર.

5. **ભૂલ કરવા પર નવી મતપત્રક મેળવવાનો અધિકાર,** જો તમે પહેલાથી મતદાન ના કર્યું હોય. તમે આ કરી શકો છોઃ **મતદાન સ્થળ પર ચૂંટણી અધિકારી પાસે** નવા મતપત્રક માટે માંગ કરો, ચૂંટણી **ઑફિસ પર અથવા તમારા મતદાન સ્થળે, નવી મતદાન માટે** તમારી વોટ-બાય-મેઇલ મતપત્રની અદલાબદલી કરો અથવા **કામચલાઉ મતપત્રકનો ઉપયોગ કરીને મત આપો.**

6. **તમારા મતદાતા અથવા યુનિયનના પ્રતિનિધિ સિવાય, તમે જેમને પસંદ કરો તે માણસ પાસેથી** મતદાન કરવામાં મદદ મેળવવાનો અધિકાર.

7. **કેલિફોર્નિયામાં** કોઈપણ મતદાન સ્થળે તમારી પૂર્ણ થયેલ વોટ-બાય-મેલ મતપત્રક મોકલવાનો અધિકાર.

8. **જો તમારા મતદાન ક્ષેત્રના પૂરતા લોકો અંગ્રેજી સિવાયની કોઈ ભાષા બોલતા હોય તો** તે ભાષામાં ચૂંટણી સામગ્રી મેળવવાનો અધિકાર.

9. **ચૂંટણી કાર્યવાહી વિશે ચૂંટણી અધિકારીઓને પ્રશ્નો પૂછવાનો** અને ચૂંટણી પ્રક્રિયાને જોવાનો અધિકાર. જે વ્યક્તિને તમે પ્રશ્ન કર્યો, એ જવાબ ના આપી શકતા હોય, તો તેમણે તમને જવાબ માટે યોગ્ય વ્યક્તિ પાસે મોકલવો જોઇએ. જો તમે ગેરવર્તન કરશો, તો તેઓ તમને જવાબ આપવાનું બંધ કરી શકે છે.

10. **ચૂંટણી અધિકારી અથવા રાજ્ય સચિવની કચેરીને** કોઈપણ ગેરકાયદેસર અથવા પ્રપંચી ચૂંટણી પ્રવૃત્તિની જાણ કરવાનો અધિકાર છે.

### વિશેષ સૂચના

- પોસ્ટ કરેલ કાઉન્ટી મતદાર માહિતી માર્ગદર્શિકામાં સૂચવેલા દિવસે મતદાન સવારે 7:00 થી સાંજનાં 8:00 સુધી ચાલુ રહેશે.

- કામચલાઉ મતદાન કેવી રીતે કરવું તે સહિત મતદાન કેવી રીતે કરવું તેની વિશિષ્ટ સૂચનાઓ ચૂંટણી કાર્યકર અથવા તમારા સ્થાનિક ચૂંટણી અધિકારી દ્વારા તમને મોકલેલી માહિતી વાંચીને મેળવી શકાય છે.

- જો તમે મતદાર તરીકે હાલમાં નોંધાયેલા છો, તો તમને સંઘીય કાયદા અનુસાર યોગ્ય ઓળખ અથવા અન્ય દસ્તાવેજો આપવા માટે કહેવામાં આવી શકાય છે. ણ મહેરબાની કરીને ધ્યાનમાં રાખો કે દસ્તાવેજ આપ્યા વિના પણ દરેક વ્યક્તિ કામચલાઉ મતદાન કરવાનો અધિકાર ધરાવે છે.

- જ્યાં સુધી તમે સંઘીય અને રાજ્યના કાયદા હેઠળ મત આપવા માટેની તમામ આવશ્યકતાઓને પૂરી ના પાડો ત્યાં સુધી પોતાને મત આપવા માટે લાયક તરીકે રજૂ કરવું કાયદાની વિરુદ્ધ છે.

- મતદાનના સાધનો સાથે છેડછાડ કરવી કાયદાની વિરુદ્ધ છે.

**જો તમારું માનવું છે કે આમાંના કોઇપણ અધિકાર માટે ના પાડવામાં આવી છે,** તો તમે રાજ્યના ગોપનીય ટોલ-ફ્રી મતદાતા હોટલાઇન (800) 345-VOTE (8683) પર ફોન કરી શકો છો.

**www.sos.ca.gov** વેબસાઇટ પર

**(800) 345-VOTE (8683)** પર ફોન દ્વારા

**elections@sos.ca.gov** પર ઇમેઇલ દ્વારા